# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૦૬ • તા.૨૧ થી ૨૭ મે ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.







# રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયનો ૨૧મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન



DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ધનપતિની મનોવૃતિ

મહાનચિંતક રસ્કિન કહ્યું છે કે જે માણસ પોતાના ધનમાંથી દાન કરી શકે છે અને બીજાને આપી શકે છે તે ખરેખર શ્રીમંત છે. ધનના ઢગલા પડ્યા હોય પણ અન્યને આપવા માટે હાથથી છૂટી ન શકે એ ધન ધૂળ બરાબર છે. પોતાની પાસે જરૂરિયાત કરતાં ઓછું હોય તે છતાં બીજાને તેમાંથી આપી શકે તે મનનો મહારાજા છે. આ ઉદારતા ધન્ય ધન્ય છે. કેટલાક માણસો અજ્ઞાત ભયના કારણવશ કે નામના અર્જિત કરવા મને કમને થોડું ઘણું ધન કરનાર અને મેં આટલું ધન દાન કર્યું. આટલી સખાવત કરી આવો ઢંઢેરો પીટનારાને પુણ્ય જમા થાયે તેના કરતાં વધુને વધુ પ્રસિદ્ધિ મળે એમાં રસ હોય છે. જે જાહેરાત કરીને દાન કરે છે, જે વાતે વાતે ગણત્રી કરીને સખાવત કરતો હોય એ માણસ સાચો દાનવીર નહીં પણ ખરો વેપારી છે.

માણસ ધન કમાય છે અને તેનો સંગ્રહ કરે છે. સંગ્રહેલી સંપતિ દિવસો દિવસ વધતી રહે છે. પણ તેનો ઉપયોગ થતો નથી બહુધા લોકો જીવનમાં જેટલું કમાય છે. જેટલું ધન સંગ્રહ કરે છે તેટલું વાપરી શકતા નથી. જમા કરેલું ધન તિજોરીમાં બંધ રહી જાય છે અને જીવ પરલોક સિધાવી જાય છે. ઉપયોગ કર્યા વગરની સંપતિથી વધુ સુખ મળતું નથી. વધુ કમાણીની આશાથી અસંતોષ જન્મે છે અને લાય બળતરામાં સુખ ક્રમશ ઘટતો જાય છે. તૃષ્ણા અને લોભ મન પાસે ન કરવાના કામ કરાવે છે. લાભને થોભ નથી. જેટલું મળ્યું છે એ ઓછું લાગે છે. બધે બધુ મળી જાય તો પણ મન ભરાશે નહીં લોભની દ્રષ્ટિ લાભ મેળવવા તરફ હોય છે. તેમને સંતોષ ધરવ કદી થવાનો નથી. તેમની ધન વધુ મેળવવાની લાલસા, તૃષ્ણા દિવસો દિવસે વધતી જાય છે એ કદી તૃપ્ત થવાની નથી. તેમની આશા વણછીપી રહે છે. આજે જે નથી મળ્યું તે આવતી કાલે મળશે એ આશામાં તે સતત હડીયા પટ્ટી કરે છે. લોભનું સ્વરૂપ સુક્ષ્મ છે પણ તેનો વિસ્તાર ઘણો વિશાળ છે. ધનના મોહમાં માણસ અંધ બની જાય છે. પછી તે મનો ચક્ષુની સુક્ષ્મ નજરથી તે શું વર્તન કરે છે. કઈ દિશામાં ગમન કરે છે તે પણ તેને ખબર પડતી નથી. સ્વભાવથી લોભી હોય તે જલદી પરખાઈ જાય છે. પણ જેમની મનોવૃત્તિ ટૂંકી હોય તે કળાતો નથી. મોહ માણસની આંખમાં દેખાય, ક્રોધ ચહેરા પર જણાઈ આવે. પરંતુ જેમનું મન લોભી હોય એ ઝટ કળાતો નથી. લોભીને પોતાને પણ જાણ નથી હોતી. તે પોતાની જાતને ઉદાર, દિલદાર સમજતો હોય છે. અન્યના દુઃખને જોઈને તેને અરેરાટી થાય છે. પણ તેમાંથી તેને ઉગારવા પ્રયત્ન કરતો નથી કે તેને તેના દુઃખમાં ઉગારવા સ્વ પ્રયત્ન કરતો નથી કે પોતાની શક્તિ સંપતિ કે સાધનનો ઉપયોગ કરતો નથી.

માણસને ગજાથી અધિક મળે એ પણ ચિંતાનો બોજ છે. જેટલું નિજાનંદપૂર્વક વપરાશ થાય. પોતાના માટે નહીં પણ અન્ય માટે ઉપયોગી થાય એ ધન-સંપતિ કલ્યાણકારી છે. જેટલું ધન સારા માર્ગે વપરાય એનાથી દીન દુખિયાના કષ્ટ હરાય, તેમના આંસુ લૂંછવા માટે વપરાય તે ધનની સદગતિ છે. સારી દિશા છે અને ધન માલિકની પ્રગતિ છે.

-જય જ્ઞાતિમૈયા

# મનનો મનો રાજય




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

દરેક વ્યક્તિ પોતાની આદત અને પોતાનો સ્વભાવ બદલી શકતો નથી કે તેને છોડી શકતો નથી. કોઈ વ્યસનનું બંધાણ એવું ચોંટી જાય છે કે તેનાથી જલદી છૂટી શકાતું નથી. વૃત્તિઓને તમે ગમે તેટલી દબાવી રાખો તે સ્પ્રીંગની જેમ ઊછળે છે. એવી જ રીતે વૃત્તિ એક યા બીજા સ્વરૂપે બહાર આવ્યા વગર રહેતી નથી. મનને દબાવવાનું કે તેને બળજબરીપૂર્વક અંકુશમાં રાખવાનું મુશ્કેલ છે. મનની વૃત્તિ ગમે ત્યાં પહોંચી જાય છે અને ત્યાં પોતાની રીતે જગ્યા કરી લે છે.

મન ચંચળ જીવ છે. આપણે અહીં નિરાંત કરતાં બેઠાં હોઈએ ત્યારે મન ક્ષણવારમાં ક્યાં ને ક્યાં બહાર લટાર મારીને પાછું આવી જાય છે. ભક્તિમાં લીન વ્યક્તિની શારીરિક ક્રિયાઓ તેના અંગો ભક્તિ આરાધના ભાવમાં તલ્લીન ભલે હોય પણ તરવરીયો મન તેના અંકુશમાં હોતો નથી. માણસ હાથમાં માળા લઈને બેઠો હોય, ભક્તિ કરતો હોય પણ મન બીજે ભટકતું હોય છે. મન ઉપર માણસનો કાબૂ હોતો નથી. મનનો સ્વભાવ વિપરીત ચાલવામાં જ છે. કોઈ આપણને કહે કે આમ કરતાં નહીં તો તેમ કરવાનું વધુ મન થાય. ઉપવાસ કર્યો હોય ત્યારે હંમેશા કરતા વધુ ભૂખ લાગે છે. જે ચીજ વસ્તુ કે આઈટમ ઉપવાસમાં ખાવા માટે મનાઈ હોય તેની તરફ મન ઢળે અને નવું નવું ખાવાનું મન થાય, ભૂખ વધુ લાગે. આમ જેને ભૂલી જવાનું છે તે વારંવાર યાદ આવે છે અને જે યાદ રાખવાનું છે તે ભૂલી જવાય છે.

આ મનના સ્વભાવનો પ્રતાપ છે. મનના કારણે આપણે સુખ કે દુ:ખનો અનુભવ કરીએ છીએ. જીવનના સમયમાં આવતા રંગોને આપણે મનથી ઘૂંટીને ઘેરા, ગાઢા બનાવીએ છીએ. જ્યાં મન લાગી ગયું ત્યાં મોહ ઊભો થાય છે તે વસ્તુ આપણને સારી, આકર્ષક અને કદી છોડીએ જ નહીં એવી લાગે છે. કોઈ પણ વસ્તુ સારી કે ખરાબ નથી પણ તેના પ્રત્યેની આસક્તિ, મોહ કે રાગ કે મમત્વ આપણને જંપવા દેતું નથી. આપણે બંધનમાં જકડાઈ જઈએ છીએ. મનને કારણે માયા જાગે છે. વાસના સળવળે છે. ત્યાગી માણસ પણ મનને ન સંભાળે તો લપસી જતાં, પતનને માર્ગે આગળ વધતાં અટકી જતી નથી.

મનમાં અનેક સારા નરસા વિચારો ચાલતા જ હોય છે, ઉદ્‌ભવતા હોય છે. કોઈના મનને ઓળખવું સહેલું નથી. બહાર શાંત, સરળ સારો દેખાતા વ્યક્તિની અંદરનું મન મેલું હોઈ શકે છે, કૂડ કપટથી વિકારીત હોઈ શકે છે. માણસ ક્યારે કેવો વિચાર કરતો હશે તે જાણી શકાતું નથી. દંભના કારણે આ દુનિયા ચાલી રહી છે, ભટકી રહી છે. મનમાં કંઈક અને બહાર કંઈક જુદું છે. ઈચ્છાઓ અને અપેક્ષાઓને કારણે મોટા ભાગના દુ:ખો સર્જાતા હોય છે. સારા ભાવો અને સકારાત્મક વલણ હોય તો મનને યોગ્ય દિશામાં વાળનાર મહાન છે. મન ઉપર વિજય મેળવ્યો છે તે ખરો વિજેતા છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયનો ૨૧મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન









છતીસગઢ રાજ્યની રાજધાની રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયના ૨૧મા ધ્વજા મહોત્સવ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ તા.૧૫ મે રવિવારથી તા.૧૭ મે મંગળવાર સુધી વિવિધ ધર્મ આરાધના કરી ભવ્યતાથી કૈવલ્યધામ તીર્થ પ્રેરિકા પ્રવર્તની મહોદયા પ.પૂ.સાધ્વીશ્રી નિપુણાશ્રીજી મ.સા. શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સ્નેહયશાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સા.શ્રી યશોનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા છતીસગઢ રત્ન શિરોમણિ મહતરા પદ વિભૂષિતા પ.પૂ.ગુરૂવર્યા શ્રી મનોહરાશ્રીજી મ.સા.ના વિદુષી શિષ્યા સરલમના પ.પૂ.સાધ્વીશ્રી સુભદ્રાશ્રીજી મ.સા. પ.પૂ.સા.શ્રી સિધ્ધોદયાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં સંપન્ન થયો.

ત્રિહાન્હિકા મહોત્સવના પ્રથમ દિવસે તા.૧૫ મે રવિવારના સવારે ૬ કલાકે પ.પૂ.સાધ્વીશ્રી સુભદ્રાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી સિધ્ધોદયાશ્રીજી મ.સા.નું શ્રી કુંથુનાથ જિનાલયમાં વાજતે ગાજતે મંગળ પ્રવેશ થયેલ. સવારે ૭ વાગે સકલ





# રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયનો ૨૧મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન









સંઘની નવકારશીના લાભાર્થી માતુશ્રી માયાબેન રતિલાલ મહેતા પરિવાર હતા. સવારે ૯ વાગેથી શ્રી અઢાર અભિષેક મહોત્સવનું આયોજન થયેલ. સૂર્યદર્શન શ્રી ગજરાજજી લુકંડ પરિવાર ધમતરી, ચંદ્રદર્શન સ્વ.શ્રી ધરમચંદ લુકંડજી રાયપુર, આરતી અને મંગલદીપક બાબુલાલ બરડીયાજી પરિવાર રાયપુર દુર્ગ, શ્રી શાંતિ કલશ માતુશ્રી મુરભાઈ જવેરચંદ લોડાયા પરિવાર, પ્રથમ અષ્ટકારી પૂજા માતુશ્રી અંજુલાબેન કાંતિલાલ શાહ પરિવાર રાયપુર હતા. બપોરે ૧૨ વાગે સ્વામીવાત્સલ્ય અને અભિનંદન સમારોહના લાભાર્થી સૌ શીતલબેન રાકેશભાઈ જૈન પરિવાર હતા. સાંજે ૪ કલાકે છતીસગઢમાં પ્રથમ વાર રાયપુર શહેરના સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જિનાલયના શ્રી પૂજારીજીનું સામૂહિક ભવ્ય



અભિવાદન સમારોહ રાખવામાં આવેલ. આ સમારોહના વિશેષ અતિથિ છતીસગઢ રાજ્ય શાસનના પૂર્વમંત્રી અને વર્તમાનમાં રાયપુર દક્ષિણ વિભાગના વિધાયક બ્રિજ મોહન અગ્રવાલ હતા. ૧૭ જેટલા શ્રી પૂજારીજીઓનું સન્માન, શાલ, શ્રીફળ, અનાજ સિધ્ધો અને રૂા.૫૦૦નું કવર ભેટ સાથે રૂા.૫ લાખનું એક્સિડેન્ટલ વીમા પોલિસી કરવામાં આવેલ.





# રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયનો ૨૧મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન






મહોત્સવના દ્વિતીય દિવસ સોમવાર તા.૧૬ મે ના સવારે ૭ વાગે નવકારશીના લાભાર્થી સ્વ. હરખચંદજી શેઠિયાની સ્મૃતિમાં માતુશ્રી પુષ્પાબેન હરખચંદ શેઠિયા પરિવાર રાયપુર હતા. સવારે ૯ કલાકે વિધ્ય વિનાશક શ્રી સંતિકર અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવેલ. આરતી શ્રી અશોકકુમાર સુરાણા, મંગલ દીપક માતુશ્રી જેતબાઈ ગોવિંદજી મોમાયા, શાંતિ કલશ માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર હતા. સ્વામીવાત્સલ્ય ભક્તિ રાખવામાં આવેલ. સાંજે ૭ કલાકે પ્રભુમિલન અને સંવેદના શ્રી શ્રેયાંસભાઈ લોઢા ઉજ્જૈન અને 'કદી મા-બાપને ભૂલશો નહીં' સૌ.શીતલબેન વ્યાસ રાયપુરનો સંગીતમય કાર્યક્રમનું આયોજન થયેલ.






# રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયનો ૨૧મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન







ત્રિહાન્હિકા મહોત્સવના અંતિમ અને તૃતીય દિવસે મંગળવાર તા.૧૭ મે ના સવારે ૭ કલાકે પ.પૂ.સાધ્વીશ્રી યશોનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫નું વાજતે ગાજતે મંગળ પ્રવેશ થયેલ. સકલ સંઘની નવકારશીના લાભાર્થી સ્વ. દિનેશભાઈ હરગોવિંદદાસ શાહની સ્મૃતિમાં માતુશ્રી નિર્મલાબેન દિનેશભાઈ શાહ પરિવાર હતા. શ્રી સત્તરભેદી પૂજાના લાભાર્થી માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર, શ્રી અષ્ટપ્રકારી થાલના લાભાર્થી માતુશ્રી ચંપાબેન ઉમરશી શાહ પરિવાર-જખૌ ધમતરી, આરતી માતુશ્રી તેજબાઈ ભાણજીભાઈ મહેતા પરિવાર, મંગલ દીપક સૌ.શીતલબેન રાકેશભાઈ જૈન પરિવાર, શ્રી શાંતિ કળશ સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર ધ્વજારોહણ પશ્ચાત કાયમી ધ્વજારોહણ અને સ્વામી વાત્સલ્યના સહયોગી લાભાર્થી શ્રી અચલગચ્છ ગુરૂ મંદિર માતુશ્રી હીરબાઈ મેઘજી મોમાયા પરિવાર વરાડીયા હૈદ્રાબાદ, શ્રી જિનમંદિર માતુશ્રી નેણબાઈ કેશવજી તેજપાલ શાહ પરિવાર જખૌ, રાયપુર શ્રી વિજય શાંતિ સૂરીજી ગુરૂમંદિર શ્રીમતી સૂરજદેવી સોન રાજજી કોચર ચેરિટેબલ ટ્રસ્ટ જ્વેલર્સ સોનિયા સન્સ રાયપુર હતા.











# રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયનો ૨૧મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન






વિધિકાર શ્રી રાજાભાઈ જયંતિલાલ નંદુ મુંબઈ અને કચ્છના પ્રસિદ્ધ ઢોલી અને શહનાઈ વાદક ત્રણેય દિવસ સારી રમઝટ જમાવેલ. પ્રભુજીની ભવ્ય આંગી રચના, ભવ્ય રંગોલી આકર્ષક વિદ્યુત સાજ સજાવટ થયેલ. ૨૧૦ આંગીની મિતિ મળેલ.

ત્રિહાન્હિકા મહોત્સવમાં સૂર્યકાન્ત લખમશી મૈશેરી, ભરત નારાણજી મૈશેરી, જયેશ કલ્યાણજી નાગડા, સૌ. ભાવના કીર્તિ પોલડીયા, સૌ. દીપા નયન છેડા, સૌ. પૂજા દિનેશ મોમાયા, સૌ. ડિમ્પલ જયેશ નાગડા, રજત મોમાયા, કૃષ્ણા લાલકા, રિષભ લાલકા, નૈતિક લાલકા, કિરણ પોલડિયાનું વિશેષ યોગદાન મળેલ.








# રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયનો ૨૧મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન





શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન યુવા મંડળ રાયપુર દ્વારા જીવદયા માટે ગૌશાળામાં ચારો અને રોટલી આપેલ શ્રી કુંથુનાથ મહિલા મંડળનો પણ અનન્ય સહયોગ મળેલ.

મહાજન પ્રમુખ ચંદ્રેશ વીરચંદ છેડાએ સંપૂર્ણ મહોત્સવ દરમ્યાન યુવા મંડળ અને મહિલા મંડળનો વિશેષ આભાર માનેલ અને કોઈપણ ત્રૂટી અથવા મનદુઃખ થયું હોય તો સર્વેને મિચ્છામિ દુક્કડમ કહેલ.











# રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયનો ૨૧મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન





















# શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયના ૨૧મા ધ્વજા મહોત્સવના રજત સ્તંભ લાભાર્થીઓ



માતુશ્રી જયાબેન રતિલાલ શાહ પરિવાર
શ્રી પ્રવીણ માણેકજી મૈશેરી પરિવાર
સૌ. નલિનીબેન મુકેશભાઈ ઢોલકિયા પરિવાર
માતુશ્રી મંછાગૌરીબેન નરભેરામ દોશી પરિવાર
શ્રી અશોકકુમાર અમિતકુમાર સુરાણા પરિવાર
માતુશ્રી સુશીલાબેન હસમુખ કોઠારી પરિવાર
માતુશ્રી મૂરબાઈ જવેરચંદ લોડાયા પરિવાર
શ્રી પંકજ રમણિકભાઈ દોશી પરિવાર
સૌ. મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર
સ્વ. શ્રી ધરમચંદજી લુંકડ પરિવાર
માતુશ્રી હેમલતાબેન શશીકાંત શાહ પરિવાર
માતુશ્રી ભાનુમતીબેન ભવાનજી વોરા પરિવાર
માતુશ્રી વિજયાબેન ઉતમચંદ શાહ પરિવાર
માતુશ્રી ગંગાબાઈ ડુંગરશી મોમાયા હસ્તે સૌ. ઉષાબેન દિનેશ મોમાયા પરિવાર
માતુશ્રી રંજનાબેન અશોકભાઈ શાહ પરિવાર
સ્વ.સૌ.પ્રભાવતીબેન ગુલાબચંદ ખિલોસીયાની સ્મૃતિમાં હસ્તે શ્રી ગુલાબચંદ જીવણલાલ ખિલોસીયા પરિવાર
માતુશ્રી હંસાબેન ભરત નાગડા પરિવાર

**કાયમી ધ્વજારોહણ કર્તા અને સાધર્મિક વાત્સલ્યના સહયોગી લાભાર્થી**

શ્રી અચલગચ્છ ગુરૂ મંદિર : માતુશ્રી હીરબાઈ મેઘજી મોમાયા પરિવાર હસ્તે સૌ. લતાબેન મણિકાંત મોમાયા વરાડિયા-હૈદ્રાબાદ
જિન મંદિર : માતુશ્રી નેણભાઈ કેશવજી તેજપાલ શાહ પરિવાર, જખૌ-રાયપુર
વિજય શાંતિ સૂરીજી ગુરૂમંદિર : શ્રીમતી સૂરજદેવી સોન રાજજી કોચર ચેરિટેબલ ટ્રસ્ટ જ્વેલર્સ સોનિયા સન્સ, સદર બજાર, રાયપુર.

**સકલ સંઘની નવકારશીના લાભાર્થી**

સ્વ.શ્રી હરખચંદ નાનજી શેઠિયાની સ્મૃતિમાં માતુશ્રી પુષ્પાબેન હરખચંદ શેઠિયા પરિવાર

**શ્રી છતીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન-રાયપુરના સક્ષમ પદાધિકારીઓ**

અધ્યક્ષ : ચંદ્રેશ વીરચંદ શાહ (છેડા)
સચિવ : કિશોર મેઘજી મોતા
કાર્યકારિણી સદસ્યો : હિતેશ મોતીચંદ શાહ, યોગેશ ગોવિંદજી મોમાયા, દીપક કલ્યાણજી શાહ, મનીષ ઉત્તમચંદ શાહ, દીપક મેઘજી લાલકા, ભાવિક શશિકાંત શાહ, જિનેશ ગિરીશ શાહ, નયન સતિષ છેડા, અંકિત યોગેશ દંડ (ભિલાઈ)

**શ્રી છતીસગઢ કચ્છી દશા ઓસવાળ જૈન યુવા મંડળ રાયપુર**

અધ્યક્ષ : વિરલ રાજેશ લોડાયા
ઉપાધ્યક્ષ : સૌ. દીપા નયન છેડા, જિગ્નેશ ગિરીશ નાગડા
સચિવ : કરણ દીપક નાગડા
સહસચિવ : સૌ.પૂજા હિતેશ મોમાયા, સંભવ ચંદ્રેશ છેડા
કોષાધ્યક્ષ : રોનક વિજય લોડાયા
કાર્યકારિણી સદસ્યો : સૌ. ધારા જિગર ખોના, રાજ પ્રવીણ લોડાયા, સૌ. શીતલ અનિલ લોડાયા, કુ.કિરણ કીર્તિ પોલડીયા, રજત પ્રવીણ મોમાયા, ઋષભ દીપક લાલકા, હર્ષિત ચંદ્રેશ છેડા, જય હરીશ લોડાયા, કૃષ્ણા દીપેશ લાલકા.
સલાહકાર સમિતિ : નિતેશ ઉમરશી મૈશેરી, નયન સતિશ છેડા, શ્રીમતી વીણા સચિન મોમાયા, ધવલ મહેન્દ્ર લોડાયા.

# ફક્ત બે મિનિટમાં
# જૈન તથા રેગ્યુલર
# દાબેલી બનાવો




**બેસ્ટ ફોર**

- NRI
- ટ્રાવેલીંગ
- ટીફીન
- કીટ્ટી પાર્ટી
- મહેમાન
- હોસ્ટેલ સ્ટૂડન્ટસ...

**નો પ્રીસરવેટીવ**

**નો કલર**

## Ready to Make
# Dabeli Mix

## આ બધી દુકાનોમાં ઉપલબ્ધ છે....

- વાલકેશ્વર ...મનીલાલ ફૂડ્સ
- વોર્ડન રોડ.........પ્રેમસન્સ
- પ્રાર્થના સમાજ .....કામદાર
- માટુંગા.......છેડા ડ્રાયફ્રુટ્સ રશ્મી સ્વીટ્સ, મોતા સ્નેક્સ
- ઘાટકોપર .જીરાવલ્લા જૈન સ્ટોર, ફૂડ સ્પોટ
- મુલુંડ ...........મોનાની, અરીહંત ફૂડસ
- વાશી ........................કચ્છ કુટીર
- કાંદીવલી .....શ્રીજી ફૂડસ, પાવનધામ
- બોરીવલી.............ગાયત્રી સ્વીટસ

**સેલ કરવા માટે ઈચ્છુક ભાઈ તથા બહેનો કોન્ટેક્ટ કરે.**

# SS HEALTH FOODS 9821920099
SANPADA, NAVI MUMBAI.

Website : www.beoninstantfoods.co.in

|| સોનથરી તીર્થમંડન શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ||



# શ્રી સુથરી જૈન સંઘ

સુથરી મહાતીર્થે ચાતુર્માસ ૨૦૭૮

**વહીવટી કાર્યાલય: C/o ધરમશી સિક્યુરીટીઝ પ્રા. લિમિટેડ,**
218, મેરેથોન મોન્ટે પ્લાઝા, મદન મોહન માલવીયા રોડ, મુલુન્ડ (વેસ્ટ),
મુંબઇ - 400 080. સંપર્ક નં. 9833585280 ઇ-મેલ: vrlodaya@gmail.com

## આરાધકો માટે સુથરી મહાતીર્થે પ્રવેશ અને ચાતુર્માસ પ્રારંભ

**વિ.સં. ૨૦૭૮, અષાઢ સુદ-૧૦, શુક્રવાર, તા, ૦૮.૦૭.૨૦૨૨**

**દિવ્ય કૃપાશિષ**

શાસન સમ્રાટ્, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**
જિનશાસન શિરોમણી, તપચક્ર-ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ,
પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**
**શુભાજ્ઞા દાતા :** સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દીપક, અચલગચ્છાધિપતિ,
**પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

શ્રી સુથરી સંઘના માનનિય આરાધક શ્રાવકો/શ્રાવિકાઓ તથા નિયાણી પરિવાર! જય જિનેન્દ્ર! સાથે જણાવવાનું કે, કોરોનાના વિષમ કાળ બાદ આ વરસે **શ્રી સુથરી જૈન સંઘ**ના પ્રાંગણે એવમ્ **શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના દરબારે** ચતુર્વિધ સંઘ સહિત ભવ્ય ચાતુર્માસ ઉજવવાની તૈયારી થઇ રહી છે. આપ સર્વે સુથરીવાસીઓ ચાતુર્માસ દરમ્યાન આત્મ કલ્યાણ અને કર્મ નિર્જરા અર્થે દેવ-દર્શન-પૂજા-પાઠ-સામાઇક-પ્રતિક્રમણ સહ તપ-જપ કરાવવા સરળ સ્વભાવી, મધુર કંઠી, **પ.પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.**ની વ્યાખ્યાન વાણી તથા સુથરીરત્ના તપસ્વીની, સ્થવિર **સાધ્વી શ્રી પ.પૂ.મહાયશાશ્રીજી મ.સા.**ની પાવન નિશ્રાનો અમૂલ્ય લાભ લેવા આપ સર્વેને ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**ચાતુર્માસ દરમ્યાન શ્રી સંઘની વિવિધ યોજનાનો ઉદારદીલે અવશ્ય લાભ લેશોજી:**

**ચાતુર્માસ આરાધના માટે સંપૂર્ણ ચાતુર્માસના મુખ્ય દાતા આવકાર્ય જેથી આરાધકોની સર્વ પ્રકારની ભક્તિ કરી પુણ્યનું ભાથું ઉપાર્જન કરી પ્રાપ્ત થયેલ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી લાભ લેશોજી વધુ માહિતી માટે સંપર્ક:**
**શ્રી રાજેન્દ્ર મણિલાલ ખોના - 9322257191, 9820302853 શ્રી કીર્તિ પદમશી લોડાયા - 9833152695**

**વિશેષ દિવસો:**

૧. **ચાતુર્માસ પ્રવેશ** વિક્રમ સંવત ૨૦૭૮, અષાઢ સુદ-૧૦, **શુક્રવાર, તા. ૦૮.૦૭.૨૦૨૨**
૨. **પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ** વિક્રમ સંવત ૨૦૭૮, શ્રાવણ વદ-૧૩, બુધવાર, તા. ૨૪.૦૮.૨૦૨૨
૩. **સંવત્સરી મહાપર્વ** વિક્રમ સંવત ૨૦૭૮, ભાદરવા સુદ-૫, બુધવાર, તા. ૩૧.૦૮.૨૦૨૨
૪. **ચૈત્ય પરિપાટી** વિક્રમ સંવત ૨૦૭૮, ભાદરવા સુદ-૭, શુક્રવાર, તા. ૦૨.૦૯.૨૦૨૨
૫. **ચાતુર્માસ પુર્ણાહૂતિ** વિક્રમ સંવત ૨૦૭૯, કારતક સુદ-૧૫, બુધવાર, તા. ૦૭.૧૧.૨૦૨૨

આ ઉપરાંત અન્ય **અનુષ્ઠાનો** સહ **આસો માસની શાશ્વતી આયંબિલની ઓળી** જેવા પ્રસંગો પણ આપણે સહુ સાથે મળીને ઉજવીશું. આ ઉમંગભર્યા અવસરે આપ જેવા શ્રાવક/શ્રાવિકાઓ ચાતુર્માસ ઉજવવા પધારે તે માટે આ જાહેરાતની સાથે ફોર્મ આપેલ છે. તેને સંપૂર્ણ વિગત ભરી સાથે જરૂરી સુચનો વાંચી અને સમજી **શ્રી સુથરી જૈન સંઘની મુંબઇ કાર્યાલયે** મોકલવા વિનંતી. જેથી આપના માટે સુચારૂ વ્યવસ્થા થઇ શકે.

**નોંધ:** ચાતુર્માસ દરમ્યાન સુથરીવાસીઓને પોતાના ઘર ખોલવા નમ્ર વિનંતી.

**લિ. શ્રી સુથરી જૈન સંઘ વતી**

**સર્વે ટ્રસ્ટી ગણ, વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો અને ચાતુર્માસ સમિતિના સર્વે સભ્યો**

# શ્રી સુથરી જૈન સંઘ

## ચાતુર્માસ માટે પધારનાર આરાધકો માટે અરજપત્ર

ફોટો

નામ:______________________________________________
(નામ) (પિતા/પતિ) (અટક/ઓળખ)

કચ્છમાં ગામ:____________________ કાયમી વસવાટ:____________________

સરનામું:______________________________________________

______________________________________________

મોબાઇલ નં./વોટસએપ નં.:______________________________________________

ઉંમર:________ વર્ષ જન્મ તારીખ:____________________ સ્ત્રી / પુરૂષ

તમારા નજદીકના સંપર્ક નં.:_______________ પરિવારજનોના સંપર્ક નં.:____________________

હાલમાં ચાલી રહેલી તપસ્યાઓ:______________________________________________

આરાધકની વિશેષ કે અન્ય કોઇપણ વર્તમાન બિમારી:______________________________

સુથરી મહાતીર્થે પધારવાની તારીખ: ____________________

ચાતુર્માસ દરમ્યાન રોકાણ **પર્યુષણ મહાપર્વ / દોઢ માસ / સંપૂર્ણ ચાતુર્માસ** માટેની આપની ભાવના.

**વિશેષ સુચનાઓ:**

૧. આરાધકોએ તેમને રોકાણ દરમ્યાન દૈનિક વપરાશની વસ્તુઓ/દવાઓ સાથે રાખશો.
૨. સરકાર માન્ય ફોટો અને સરનામા સાથેના આઇ.ડી. પ્રુફ સાથે લાવવું અનિવાર્ય રહેશે.
૩. રૂમ માટે તાળા-ચાવી સાથે લાવવા.
૪. આરાધકોએ આરાધના દરમ્યાન તમારા પરિવર્તુળ, મિત્ર મંડળ સાથે રહેવું પડશે.
૫. આરાધકોને ચાતુર્માસ સમય દરમ્યાન બહારગામ જવાનું થાય તો તેમણે કાર્યાલયમાં અવશ્ય જાણ કરાવવાની રહેશે.
૬. આરાધકો માટે રહેઠાણ (ઉતારાની) વ્યવસ્થા શ્રી સંઘ દ્વારા જ નક્કી કરવામાં આવશે.
૭. પ્રવેશ વખતે તેમજ પર્યુષણ મહાપર્વ માટે પધારનાર શ્રાવકો/શ્રાવિકાઓ માટેની વ્યવસ્થા, વ્યવસ્થાપક સમિતિ દ્વારા ડ્રો પદ્ધતિ દ્વારા નક્કી થશે.
૮. પર્યુષણ મહાપર્વ દરમ્યાન પધારનાર શ્રાવક/શ્રાવિકાઓને વાતાનુકુલિત રૂમની જરૂરીયાત હશે તો તે શ્રી સંઘના ધારાધોરણ મુજબ ઉપલબ્ધ થશે તેમજ નિરધારિત થયેલ રકમ ભરવાની રહેશે.
૯. ભોજનશાળાના દરેક નિયમોનું પાલન અનિવાર્ય રહેશે. આરાધકોને પોતાના ઉતારાએ ભોજનની સુવિધા પ્રાપ્ત નહીં થાય, અપવાદમાં જો આરાધક બિમાર હશે તો તેની સગવડ જરૂરથી મળશે.
૧૦. ચાતુર્માસ દરમ્યાન કોઇપણ આકસ્મિક અડચણો હશે તો તેની વૈકલ્પિક વ્યવસ્થા સ્થાનિક કાર્યકર્તાઓ સુચારૂ રીતે કરી આપશે.
૧૧. સોમવાર, તા. ૨૦.૦૬.૨૦૨૨ સુધીમાં ફોર્મ ભરી મુંબઇ કાર્યાલયે મોકલવાના રહેશે.
૧૨. નિયમોમાં ફેરફાર કરવાનો હક્ક શ્રી સુથરી ટ્રસ્ટ બોર્ડને રહેશે જે બધાને બંધનકર્તા રહેશે.

**નોંધ:** આ ફોર્મ સાથે સરકાર માન્ય ફોટો અને સરનામા સાથેનું આઇ.ડી. પ્રુફની નકલ અવશ્ય જોડવી.
ઉપરોક્ત સૂચન નં. ૧ થી ૧૨ની પ્રત્યેક સૂચનાઓ મેં વાંચી છે અને તે મને માન્ય છે. આ ફોર્મની ઝેરોક્ષ કરાવી ફોર્મ ભરીને મુંબઇ કાર્યાલયે મોકલાવશોજી.

સ્થળ:______________ તારીખ:______________ આરાધકની સહી:____________________

## પ.પૂ.સાધ્વીશ્રી દિવ્ય દર્શાનાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૬મા વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૩૩ના વૈશાખ વદ ૬ના તિથિ દિને સાંધાણ નગરના માતુશ્રી ધનબાઈ ખેતશી ભાણજી ધરમશી (પ.પૂ.સાધ્વીશ્રી ભવ્ય દર્શનાશ્રીજી મ.સા.)ના ધર્માનુરાગી પુત્રી પૂર્વજન્મના સંસ્કાર યોગના બળે મોક્ષ માર્ગે વિચરણ કરવાનો દ્રઢ સંકલ્પ સાથે બિદડા ગામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી અને ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી ભવ્યદર્શનાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.સા.શ્રી દિવ્યદર્શનાશ્રીજી મ.સા.ની ઓળખ પામ્યા.

વિક્રમ સંવત ૨૦૭૮ વૈશાખ વદ ૬ તા.૨૧ મે શનિવાર પૂજ્ય સાહેબ સંયમ જીવન પથના ૪૧ વર્ષ સફળતાથી પૂર્ણ કરી ૪૨મા વર્ષમાં પ્રવેશ કર્યો. પૂજ્ય સાહેબનો તપો પ્રવાસ પથ સુર્વણ, હીરકને ઓળંગી શતક શિખરે પહોંચે એજ હૃદયની કામના સાથે વારંવાર વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. સંયમ જીવન પથના ૪૧ વર્ષ પૂર્ણ કર્યા



સાંયરા ગામના માતુશ્રી ગુણવંતીબેન જેઠાભાઈ ખીમજી લાપસીયાના પુત્રી હૈયે સંયમ પથના કોડ ઉછેરી મોક્ષ માર્ગે આગળ વધવાનો સંકલ્પ કરી વિક્રમ સંવત ૨૦૩૭ના વૈશાખ વદ ૬ના તિથિ દિને ભાંડુપ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ને પ.પૂ.સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ને ગુરૂ પદે સ્વીકાર્યા અને પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. નામ પામ્યા.

પૂજ્ય સાહેબ શનિવાર, તા.૨૧મે ના દિને સંયમ જીવનના ૪૧ વર્ષ પૂર્ણ કરી ૪૨મા વર્ષમાં પ્રવેશ કર્યો. પૂજ્યશ્રીનું મોક્ષ જીવનનો માર્ગ સુવર્ણ, હીરકથી આગળ વધતો સુવર્ણ શિખરે બિરાજે એવી મંગલકામના, શુભભાવના સાથે વંદના.

# પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો સુરત માટેનો સંભવિત વિહાર કાર્યક્રમ



ગુરૂ ગુણ કૃપા પાત્ર કચ્છ કોહિનૂર પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો સુરત તરફનો સંભવિત વિહાર કાર્યક્રમ નીચે મુજબ પ્રમાણ આગળ વધે છે.

તા.૧૮ મે બુધવારથી તા.૨૪ મે મંગળવાર સુધી ભીંવડી, તા.૨૬ મે ગુરૂવાર અંબાડી પેટ્રોલ પંપ, તા.૨૮ મે શનિવાર મનોર ગામ, તા.૨૯ મે રવિવાર થી તા.૫ જૂન રવિવાર પાલઘર, બુધવાર તા.૮ જૂન દહાણુ, તા.૧૦ ગુરૂવાર અને શનિવાર તા.૧૧ જૂન ઉમર ગામ, તા.૧૩ જૂન સોમવાર વાપી, તા.૧૬ ગુરૂવાર તથા તા.૧૭ જૂન શુક્રવાર વલસાડ, તા.૨૦ જૂન સોમવારથી તા.૨૨ જૂન બુધવાર નવસારી તા.૨૪ જૂન શુક્રવાર સૂરત નગર પ્રવેશ.

પૂજ્ય સાહેબનો ચાતુર્માસ પ્રવેશ તા.૧ જુલાઈ શુક્રવારના હાલ આ પ્રમાણે વિહારનો સંભવિત કાર્યક્રમ છે. સંજોગ અનુસાર ફેરફાર થશે તો જાણ કરવામાં આવશે. સંપર્ક મહેશભાઈ-૮૫૫૧૦૧૯૩૬૫.

# પ્રથમ પૂણ્યતિથિએ
# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



આપની હયાતી અમારી પ્રેરણા હતી
આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા
આપનું સાદગીભર્યું જીવન,
ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ
અને લાગણીશીલતા અમો
જીવનભર ભુલશું નહિં
પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એવી પ્રાર્થના



# સ્વ.જયંત ભવાનજી સોની

**ગામ - સુથરી, હાલ - ખાર, મુંબઈ**

**શ્રદ્ધાસુમન**

## માતુશ્રી જવેરબાઈ ધનજી ધરમશી પરિવાર

**કિર્તી ધનજી ધરમશી • જ્યોતિ કિર્તી ધરમશી**
**વિરેન કિર્તી ધરમશી • ખ્યાતિ વિરેન ધરમશી**
**(ગામ : સુથરી, હાલ : બેંગ્લોર)**

Deluxe logistics Pvt. Ltd
www.deluxelogistics.in || Info@deluxelogistics.in

# બીજાપુર સંઘમાં ૧૧ દિવસીય શ્રેયકારી કન્યા સંસ્કાર શિબિર સંપન્ન થઈ





કર્ણાટક રાજ્યના ઐતિહાસિક નગર બીજાપુર સંઘમાં કૌશલ્યાધાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞા આશીષથી પ.પૂ.આ.શ્રી મહોદયશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી યશોદયશ્રીજી મ.સા.ના કૃપાશિષથી ડૉ.પ.પૂ.સા.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી શ્રેયકરાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સુંદર સાધના સભર ૧૧ દિવસીય શ્રેયસકારી કન્યા સંસ્કાર શિબિર શ્રી બીજાપુર કચ્છી સમાજના તન-મન અને ધનના સહયોગથી સારી રીતે સંપન્ન થઈ. સંઘની દીકરીઓએ બીજાપુર કચ્છી સમાજના નવલા નજરાણાની નજાકતાને માણી. સવારથી રાત સુધી સુંદર આરાધના કરી જ્ઞાન સાથે ગમ્મત મેળવી વાળથી ખાસ પધારેલ ડૉ.સીમાબેન તરલ ગાલા મુંબઈથી ભાવિકાબેન લાડ પધારેલ તેમજ બીજાપુરના



અન્ય મોટી વેશનલ સ્પીકરોએ દીકરીઓને સંસ્કાર, સંસ્કૃતિ અને કેરીયર માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

ધાર્મિક IPL, તોલ મોલ કે બોલ, અંતાક્ષરી, ડિબેટ વિગેરે રમત ગમત તથા પેરેન્ટ ડે, લેટર રાઈટીંગ વિગેરે કોમ્પિટીશન તથા બીજાપુરના ઐતિહાસિક સ્થળોની મુલાકાત વિગેરે દ્વારા દીકરીઓ મોબાઈલ, ઘર-પરિવારની યાદોથી પર થઈ.

આ દસ દિવસીય સંસ્મરણોને પોતાના હૃદયમાં અંકિત કરીને દીકરીઓ આંસુ સાથે પોતાને ઘરે પરત ફરી. ફરી બીજીવાર શિબિરમાં આવવા માટે આતુર થયેલી દિકરીઓએ સંઘ માટે પણ યાદગાર સંસ્મરણો છોડ્યા છે. દરેક દીકરીઓના માવતરોની અંતરથી અનુમોદના કરતા બીજાપુર કચ્છી જૈન સમાજ આનંદની લાગણી અનુભવી હતી. દીકરીઓની કાળજી કરવામાં કંઈ ક્ષતિ રહી હોય તો મિચ્છામિ દુક્કડમ્.



# પ્રથમ પૂણ્યતિથિએ ભાવપૂર્ણ આદરાંજલિ







# સ્વ.જયંતભાઈ ભવાનજી સોની

કચ્છ - સુથરી　　　　હાલે - બાંદ્રા

**અરિહંત શરણ : તા. ૨૦-૫-૨૦૨૧**

સમયની કિંમત કરનારા, સંબંધોને હૃદયથી સાચવનારા,
સદા 'હસમુખો' ચહેરો રાખનારા, સદ્‌ગુણોની ખાણ ધરાવનારા,
શેઠશ્રીને પ્રથમ પૂણ્યતિથિ એ ધબકતે હૈયે અર્પીએ શ્રદ્ધા સુમન

**શામજી નરશી દંડ**
(સાંધવ - મુલુંડ)

**શ્રદ્ધાસુમન**

**વિનોદ વીરચંદ ડાઘા**
(વરાડીયા - મુલુંડ)

# નવકાર મંત્ર આરાધક વિધિકાર નરેન્દ્રભાઈ નંદુને શાસન રત્ન એવોર્ડ એનાયત



નવકાર મંત્ર આરાધક, પ્રખર વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ (વાંઢ) ને શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞા અને આશીર્વાદથી શાસન રત્નનો એવોર્ડ અખાત્રીજના શુભ દિવસે એનાયત કરાયો.

શ્રી નરેન્દ્રભાઈ નંદુ અચલગચ્છ તેમજ અન્ય સેંકડો સંઘોની પ્રતિષ્ઠાઓ, અંજનશલાકાઓ તથા હજારો પરિવારોના વિવિધ પૂજનો સફળતાપૂર્વક કરાવી લોકોની પ્રચંડ ચાહના મેળવેલ છે.



દેશ વિદેશના વિવિધ સંઘોમાં દેરાસર, ઉપાશ્રય, ગુરૂ મંદિરના નિર્માણમાં શાસ્ત્રોક્ત સમજણ આપી તેમને તે નિર્માણ માટેનું ફંડ ભેગું કરાવી આપવામાં અગ્રેસર રહેલ છે. તેઓ ફક્ત અચલગચ્છ જ નહીં પણ અન્ય ગચ્છોના આચાર્યો સાથે પણ સારા સંબંધો જાળવી રાખેલ છે.

આ વર્ષે અખાત્રીજના દિવસે તેમણે પોતાના સળંગ ૨૫મા વર્ષીતપનું પારણું કરેલ અને આ તપના માર્ગમાં હજી પણ આગળ વધતા રહે એવી સંઘ તરફથી શુભકામનાઓ.



તેમના આ જીવન સફરમાં જીવન સંગિની શ્રીમતી દમયંતીબેનનો અનુપમ સાથ મળેલ છે. સુપુત્ર કયવન્ન, જય અને મેઘની ત્રિપુટી તેમની સંગોસંગ અડીખમ ઊભી રહેલ છે.

નરેન્દ્રભાઈના જીવન સફરનો ૨.૫૦ મિનિટનો વિડીયો એક શોર્ટ ડોક્યુમેન્ટરીમાં દર્શાવાયેલ છે. જે તેમના જીવન વિષે વધુ જાણવા માણવા મળે છે.

આપણે બધા નરેન્દ્રભાઈને એવી શુભેચ્છાઓ આપીએ અને શાસન દેવી દેવતાઓ પાસે પ્રાર્થના કરી એક નરેન્દ્રભાઈને નિરોગી સ્વાસ્થ્ય મળો અને તેમના દ્વારા હજીય વધુને વિશેષ સંઘ, શાસન અને અચલગચ્છના સુંદર કાર્યો થાય એવી શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ તરફથી શુભકામના વ્યક્ત કરાઈ છે.

# પ્રથમ પૂણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



## સ્વ.જયંતભાઈ ભવાનજી સોની

જન્મ : ૨૬-૦૨-૧૯૫૭

અરિહંત શરણ : ૨૦-૦૫-૨૦૨૧

**વાણીમાં વાત્સલ્યતા, ધર્મમાં આસ્થા, દિલમાં ઉદારતા, પરોપકારીમાં પ્રભુતા અને જીવદયા પ્રેમી જેવા અલંકારોથી ઓપતું આપનું જીવન સદા યાદ બનીને દિલમાં બિરાજશે**

:: શ્રદ્ધાસુમન ::

## શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર

# વારાપધ્ધર ગામની ગૌચર જમીન અરવિંદભાઈ લોડાયાના પ્રયત્નોથી ખાલી કરાવાઈ

અબડાસા પ્રદેશના વારાપધ્ધર ગામની ૩૦૦ એકર ગૌચર જમીન ખાલી કરાવીને ડી.એલ.ઓફિસ ભુજ દ્વારા માપણીનું કાર્ય પૂર્ણ કરાવ્યું. આ કાર્ય માટે ગામના સરપંચ શ્રી મયૂરસિંહ જોડજા અને વારાપધ્ધર ક.દ. ઓ.જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ લોડાયાએ જહેમતપૂર્વક સરકારી કાર્યવાહી પૂર્ણ કરીને સમાજ ઉપયોગી આ કાર્ય કરવા બદલ હૃદયપૂર્વકની અનુમોદના.



# ચાલીસગામ સંઘમાં કાયમી આયંબિલ આરાધના લાભાર્થીઓનું લિસ્ટ આગળ વધી રહ્યો છે

શ્રી ક.દ.ઓ.જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસ ગામ સંઘમાં ખાનદેશ રત્ના શ્રી ચાલીસગામ તીર્થોધ્ધારિકા પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.આ.શ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ચાલીસગામ સંઘમાં કાયમી આયંબિલ આરાધના શરૂ છે. જેમાં લાભાર્થી પરિવારો જોડાઈ રહ્યાં છે અને પોતાનો સાથ આપી રહ્યાં છે. નવા દાતાઓમાં ૧) માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા, કોઠારા-ચાલીસગામ ૨) ચિ.યશ્વી વંશિકા પીયૂષ દંડ, દલતુંગી-ડોંબિવલી ૩) ચિ. વીર નયન બ્રહ્મેચા ચાલીસગામ ૪) સૌ. ભારતી કંવરલાલ જૈન, જલગામ. ઉપરોક્ત સર્વે દાતા રૂા.૫૦૦નું પ્રત્યેક એ યોગદાન આપી સહકાર આપેલ છે એ સર્વે દાતા પરિવારોની અનુમોદના સંપર્ક હેમંતકુમાર ગુલાબભાઈના મો.નં.૭૭૫૭૦૦૮૦૮૨

# પ.પૂ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. ૭૨ જિનાલય તીર્થે પધરામણી કરી

અજોડ શાસન પ્રભાવક ૨૨મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. રાજસ્થાનથી ઉગ્ર વિહાર કરી શંખેશ્વરતીર્થ ચુલી (તારંગાતીર્થ), ભદ્રેશ્વર તીર્થની સ્પર્શના કરી ૭૨ જિનાલય તીર્થે પધાર્યા છે.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજિત સાંવત્સરિક વંદના અને ચૈત્ય પરિપાટી-સિધ્ધાચલ યાત્રા

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા પંચવર્ષીય દાતાઓના સહયોગથી પર્યુષણ પર્વ બાદ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. તથા અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને સાંવત્સરિક વંદના અને ચૈત્ય પરિપાટી સિધ્ધાચલ યાત્રાનું આયોજન કરાયું છે. પ્રસ્થાન શુક્રવાર તા.૯ સપ્ટેમ્બર રાત્રે ૯ કલાકે ટ્રેન દ્વારા અને મુંબઈ આગમન સોમવાર તા.૧૨ સપ્ટેમ્બર ૨૦૨૨ મહાજન કાર્યાલયે સમય ૧૧ થી ૬ વાગ્યા સુધી તા.૨૦ મે સુધી પ્રતિ વ્યક્તિ દીઠ રૂા.૫૦૦ ભરીને નામો વહેલા તે પહેલાના ધોરણે નોંધાવી લેવા. મુંબઈની હદમાં રહેતા જ્ઞાતિજનોએ લાગા ભરીને નામ લખાવવા. સંપર્ક : યોગેશ કુરૂવા-૮૮૭૯૩૨૪૦૦૫, ૯૮૯૨૭૪૧૪૧૪


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી રાયધણજર જૈન મહાજન ▪ શ્રી રાયધણજર સેવા મંડળ

**રવિવાર,**
**29-5-22**
**સંપૂર્ણ દિવસ**

# સ્નેહ મિલન

સ્થળ
**હાલારી વાડી,**
દાદાસાહેબ ફાલકે રોડ,
દાદર (પૂર્વ),
મુંબઈ - ૪૦૦ ૦૧૪.

રજવાડી રાયધણજરના સહુ ગામવાસીઓ તથા
નિયાણી બહેનો સહપરિવાર થનગની રહ્યા છે.

## પંદર વર્ષ પછી યોજાઈ રહેલ
## સ્નેહ મિલન માણવા.

### બહુમાન -અભિવાદન

- આયુષ્યના ૮૫ વર્ષ કે તેથી વધુ થયા હોય તેવા ગામના વડીલોનું બહુમાન...
- લગ્ન જીવનના ૫૦ કે તેથી વધુ વર્ષ થયા હોય તેવા ગામના વડીલ દંપતીઓનું બહુમાન...
- ગામના તમામ ઉંમરના યુવક-યુવતીઓ, વડીલો પોતાની ઉંમરના કોઈ પણ પડાવ પર ડબલ ગ્રેજ્યુએશન કે પ્રોફેશનલ ડિગ્રી હાંસલ કરી હોય તેમનું બહુમાન...

### સાંસ્કૃતિક કાર્યક્રમ

આપણા ગામના ભાઈ બહેનો તથા નિયાણી બહેનોના પરિવાર જેમાં ભાગ લઈ રહ્યા છે એવું નવું અને હટકે સાંસ્કૃતિક કાર્યક્રમ

### વેબસાઈટ/મોબાઈલ એપનું અનાવરણ

સ્નેહ મિલનમાં ગામની વેબસાઈટ તથા મોબાઈલ એપનું અનાવરણ

### અતિથિગૃહ - ચાતુર્માસ ફંડ - મહાજન વાડી - ભોજનશાળાના આદેશો...

શાસનરત્ન શ્રી વર્ષીતપ આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુ, કચવન્ન-મેઘ નંદુ
તથા તેમની ટીમના સથવારે
નૂતન અતિથિગૃહ ના મુખ્ય નામ તથા આઠ રૂમો, વીંગ, ફર્નીચર
વગેરેના આદેશો સાથે ચાતુર્માસ ફંડની શરૂઆત....
ભોજનશાળા અને મહાજનવાડીના નૂતનીકરણની વિગત
તથા તેના વિવિધ નામ આપવાની શરતે આદેશો.

**ગામ પ્રત્યેનું ઋણ અદા કરવાનો**
**સમય આવી ગયો છે.**

માદરે વતનના શ્રેષ્ઠ સ્થાને કાયમી સંભારણારૂપી મળેલ
તકને ઝડપી લેવાનો સુવર્ણ અવસર છે...

### અપેક્ષા

સ્નેહ મિલનના ખર્ચને પહોંચી વળવા એક આના પ્રમાણે રૂા. ૨૫૦૦/- હિસાબે તથા જમણવારના અલગ દાતાશ્રીઓ આવકાર્ય છે.
બપોરના જમણના દાતા - રૂા. ૨.૭૧/- ▪ સાંજના જમણના દાતા - રૂા. ૨.૦૦/-
તો સર્વ ગામવાસીઓએ લાભ લેવા વિનંતી.

સંપર્ક : કિરણભાઈ - ૯૯૩૦૧ ૨૯૫૧૫ • ધીરજભાઈ - ૯૮૧૯૩ ૪૪૯૪૪

સવાર - બપોરે - સાંજે ગામવાસીઓ સાથે મેળાવડા સહ ભાવતા ભોજનીયા અને સાંજે રાસ ગરબા

નોંધ : વેલે પાર્કીંગની વ્યવસ્થા રાખેલ છે.

લિ. : શ્રી રાયધણજર જૈન મહાજન, શ્રી રાયધણજર સેવા મંડળ - ટ્રસ્ટીઓ, અધિકારીઓ, કારોબારી સભ્યો

# મોટી ખાવડી નગરે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયની ૧૪૭મી ધ્વજારોહણ અવસર ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન

હાલાર પ્રાંતના મોટી ખાવડી નગરના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા જીનાલયની ૧૪૭મો ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન તા.૮ જૂન બુધવારથી તા.૧૦ જૂન શુક્રવાર સુધી પ.પૂ.સાધ્વીશ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી કોટીગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં કરાયું છે. સંપૂર્ણ કાર્યક્રમની ઉજવણી ૨૫ વર્ષીતપના આરાધક વિધિકાર શાસનસમ્રાટ નરેન્દ્રભાઈ રામજીભાઈ નંદુના માર્ગદર્શન તથા ઉપસ્થિતિમાં થશે.

માદરે વતન મોટી ખાવડીના આંગણે આ ભવ્યાતિભવ્ય મહોત્સવ પ્રસંગે પધારવા મોટી ખાવડી સંઘના સૌ ગામાઈઓ અને નિયાણી બહેનો, દિકરીઓને સહકુટુંબ પધારવા ભાવભર્યું નિમંત્રણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડી દ્વારા અપાયું છે.

ત્રિહાનિકા મહોત્સવ તેમજ ત્રણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી  માતુશ્રી મણિબેન હંસરાજ દેવજી લોડાયા પરિવાર હસ્તે અ.સૌ.મધુબેન નરેન્દ્રભાઈ લોડાયા. ત્રિહાનિકા મહોત્સવ દરમ્યાન દરરોજ નવકારશી, સાધર્મિક ભક્તિ ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

મહોત્સવની રૂપરેખામાં પ્રથમ દિવસ તા.૮ જૂન બુધવાર બપોરે ૧.૩૦ કલાકે બન્ને જિનાલયમાં બિરાજમાન ભગવાન તથા દેવ દેવીના ૧૮ અભિષેક, સાંજના ૭.૩૦ કલાકે ભક્તિ સંધ્યા રાસ ગરબાના સથવારે. દ્વિતીય દિવસ તા.૯ જૂન ગુરૂવાર બપોરના ૧૨.૩૦ કલાકે, સિધ્ધચક્ર મહાપૂજન સાંજના ૭.૩૦ કલાકે શ્રી કુમારપાળ મહારાજાના ભવ્ય રાજ દરબારમાં દાદાની ભવ્ય ૧૦૮ દિવાની આરતી, તૃતીય દિવસ તા.૧૦ જૂન શુક્રવારના સવારના ૮ કલાકે જ્ઞાતિજનોનું સામૈયું સવારે ૮.૩૦ કલાકે સત્તરભેદી પૂજા અને સવારના શુભ મુહુર્તે ધ્વજારોહણ તથા જ્ઞાતિ જમણનું આયોજન છે.

---

# અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબનો સંભવિત વિહાર કાર્યક્રમ



રાજસ્થાન દક્ષિણ દીપક, સાહિત્ય સમ્રાટ ગુરૂ ગુણ પટ્ટધર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.બ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. તા.૧૫ મે રવિવારના મોટા આસંબિયા, ગઢશીશા, કોટડા રોહા, ચીયાસર, ખારૂઆ, રાયધણજર, વરંડી, ડુમરા વિહાર કરતાં તા.૨૧મે શનિવાર વૈશાખ વદ ૬ના દિને વીઢમાં ધ્વજારોહણ પ્રસંગે નિશ્રા પ્રદાન કરી. તા.૨૨ મે રવિવારના માપર નગરે ધ્વજારોહણ, તા.૨૩ મે સોમવારથી તા.૨૮ મે શનિવાર શ્રી ગુણપાર્શ્વ જૈન તીર્થ, પ્રવેશ, દીક્ષા, અઠ્ઠમ તપ, તા.૩૦ મે રવિવારના સાંજે બાયઠ, તા.૩૧ મે સોમવાર જેઠ સુદ ૧ તથા તા.૧ જૂન મંગળવાર જેઠ સુદ ૨ ઉનડોઠ ઉપાશ્રય ઉદ્‌ઘાટન ધ્વજારોહણ, તા.૨ જૂન બુધવાર જેઠ સુદ ૩ નાના રતાડિયા-મોટા રતાડિયા, તા.૩ જૂન ગુરૂવાર નાગ્રેચા-ભોજાય, તા.૪ જૂન શુક્રવાર જેઠ સુદ ૫ દેઢિયા શ્રી ગુણપાર્શ્વનાથ તીર્થ, તા.૫ જૂન જેઠ સુદ ૬ શનિવાર બાડા, તા.૬ જૂન રવિવાર હાલાપાર, તા.૭ જૂન સોમવાર જેઠ સુદ ૮ તથા તા.૮ જૂન મંગળવાર સાભરાઈ ધ્વજા મહોત્સવ, તા.૯ જૂન બુધવાર જેઠ સુદ ૧૦ શિવમસ્તુ તીર્થ ૭૨ જિનાલય તીર્થ, જેઠ સુદ ૧૧ ગુરૂવાર તા.૧૦ જૂનથી તા.૧૩ જૂન રવિવાર જેઠ સુદ ૧૦ બિદડા.

આ પૂજ્ય સાહેબનો આગામી સંભવિત વિહાર કાર્યક્રમ છે પૂજ્યશ્રી સાથે સંપર્ક રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦.

અષાઢ સુદ ૧૧ શનિવાર તા.૯ જુલાઈના શુભ મુર્હૂતે પાલીતાણા તીર્થે શ્રી સિધ્ધાચલ ગુણ કલા ચાતુર્માસ ૨૦૭૯ બાડમેર સંઘની વિનંતીથી પન્નારૂપા ધર્મશાળામાં ચાતુર્માસ પ્રવેશ થશે.

# નલિયામાં તળાવ ઊંડાઈ કરવાના કામનો પ્રારંભ થયો



ચોમાસના પૂર્વ તૈયારીઓ રૂપે કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ગામના ત્રણ તળાવ પૈકીના એક હેમાસર તળાવની ઊંડાઈ કરવાના ખાણેત્રા કામનું શુભારંભ તા.૧૦મે સોમવારના અબડાસાના વિધાનસભ્ય પ્રદ્યુન સિંહ જાડેજા, ડેપ્યુટી કલેક્ટર પ્રવીણસિંહ જેતાવત, સિંચાઈ વિભાગના અધિકારી પરમાર સાહેબ સાથે નલિયાના સર્વે જ્ઞાતિ સમાજના અગ્રણીઓની ઉપસ્થિત વચ્ચે પૂજાવિધિ અને શ્રીફળ વધેરીને કરાયો.

તાત્પુરતી ૬૫૦૦ ઘન ફૂટની મંજૂરી સરકારશ્રીની સુજલામ સુફલામ યોજના અંતર્ગત અપાઈ છે. પણ આ પ્રસંગે ડેપ્યુટી કલેક્ટરશ્રીએ ૧૫ હજાર ઘન ફૂટ સુધીનું કામ થશે તો પણ મંજૂર કરાશે એવી હૈયાધારણા આપી હતી. સુજલામ સુફલામ યોજનામાં ૪૦ ટકા લોકફાળો અને ૬૦ ટકા ફાળો સરકારશ્રીનો હોય છે. જળ સિંચન યોજના માટે નલિયાના શ્રી કાશી વિશ્વનાથ ટ્રસ્ટનો મુખ્ય સહયોગ મળ્યો છે. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ લહેરીભાઈ ભાનુશાલી, ગૌતમભાઈ શાસ્ત્રી, જયંત છેડા, અનિલ દાવડા અને ધીરેન્દ્ર શાહની જહેમત અને માર્ગદર્શન આ કાર્ય માટે મળેલ છે. અંદાજિત નવ દિવસ ચાલનારા આ કામ માટે ૧ જેસીબી અને ૭ ટ્રેકટર કામે લગાડાયા છે.

હેમાસર તળાવનું કામ પૂર્ણ થઈ જાય ત્યારબાદ નલિયા ગામનું બીજું તળાવ મેખાણાનું કામ સુજલામ સુફલામ અંતર્ગત હાથ ધરાશે. ગામનું ત્રીજું તળાવ કાંકરાઈનું કામ વીઆરટી દ્વારા કરાશે. આમાં ૨૫ ટકા લોકફાળાનો હિસ્સો રહેશે. બાકીના ૭૫% ટકા વીઆરટી આપશે એવી માહિતી શ્રી કાશી વિશ્વનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી લહેરીભાઈ ભાનુશાલી એ આપી હતી.

# દશાઈ નાતનું નજરાણું : ગાંધીધામ મધે પખવાજનું ભવ્ય કાર્યક્રમ આયોજન

સર્વે પખવાજ પ્રેમીઓને માટે આનંદના સમાચાર આપતા શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ હર્ષ અનુભવે છે કે પયુર્ષણ પછી શુક્રવાર તા.૨ સપ્ટેમ્બર ભાદરવા સુદ ૮ના રાત્રે ૯ કલાકે ગાંધીધામ મધે પખવાજના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન મધે પખવાજ પ્રેમીઓ પોતાના મહાજન કે મંડળ સાથે કે વ્યક્તિગત રીતે ભાગ લેવા આમંત્રણ છે. આપના આગમનની જાણ તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી નીચે આપેલ વ્યક્તિઓને કરવા વિનંતી જેથી વ્યવસ્થા જાળવવામાં સુગમતા રહે. સંપર્ક ભરત નરેન્દ્રભાઈ મોમાયા-૯૬૮૭૬૬૭૧૨૪, સાગર મયૂરભાઈ લોડાયા-૯૮૭૯૬૧૨૪૧૯, હિતેન સૂર્યકાંતભાઈ છેડા-૯૯૭૯૬૬૮૬૨૮.વ્યવસ્થાપક શ્રી ક.દ.ઓ.જૈન યુવક મંડળ (સાર્થક) ગાંધીધામ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**



# શ્રી અંબાજી ધામ - નલિયા

છેડા ફરીયો, નલિયા. તા. અબડાસા, કચ્છ-૩૭૦ ૬૫૫.



## શ્રી ક. દ. ઓ. છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાજી ની સમુહ પહેડી

જય અંબે સાથે જણાવવાનું કે છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થયાને ૧૮ વરસ વિતી ગયા છે. આપણે માતાજીના સ્થાનકે આજ દિવસ સુધી એક પણ પહેડી ઉજવી નથી. તા.૧૭-૪-૨૦૨૨ના મળેલ કમિટિ મેમ્બરની મિટીંગમાં સર્વાનુમતે નિર્ણય લેવાયો છે કે આવતી માતાજીની સમુહ પહેડી આપણે માતાજીના સ્થાનકે નલિયા ગામે ઉજવીયે.

માતાજીની સમુહ પહેડીનો કાર્યક્મ નીચે મુજબ નક્કી થયેલ છે.

**શુક્રવાર તા. ૨-૧૨-૨૦૨૨, સાંજના ૬:30 કલાકે ભલારાદાદા નો પાઠ**

**રાત્રે ૮:30 કલાકે મહાકાલી માતાજીની ભાવના અને દાંડિયા રાસ**

**શનિવાર તા.૩-૧૨-૨૦૨૨**

| | |
|---|---|
| શુભારંભ | : સવારના ૯.00 કલાકે |
| ભક્ત સંગીત | : સવારના ૯.૧૫ થી ૧.00 કલાકે |
| પહેડી પ્રસાદ | : બપોરના ૧૨.00 વાગ્યાથી |
| ઉત્થાપન | : બપોરના ૨.30 કલાકે |

**નીચેની સ્પોનર્સશીપ આપવાની બાકી છે.** (વહેલો તે પહેલાના ધોરણે આપવામાં આવશે)

**રેલ્વે ટિકીટ, સવારનો નાસ્તો, બપોરનું જમણ, સાંજનું જમણ, મંડપ ડેકોરેશન, લાઈટીંગ ડેકોરેશન, સંગીત ખર્ચ**

### ખાસ નોંધ

- બહારગામથી પધારનાર સર્વે ભાવિકોને શુક્રવાર તા.૨-૧૨-૨૦૨૨ સુધી નલિયા મુકામે પહોંચી જવા વિનંતી.
- રહેવા તથા જમવાની વ્યવસ્થા કમિટિ તરફથી કરવામાં આવશે.
- આવવા તથા જવાની વ્યવસ્થા ભાવિકોએ જાતે કરવાની રહેશે.
- સર્વે ભાવિકોને નમ્ર વિનંતી કે જે પણ ભાવિકો પહેડીમાં હાજર રહેવા ઈચ્છા ધરાવતા હોય તેઓએ તેમના નામ તથા મોબાઈલ નંબર તા.૧૫-૧૧-૨૦૨૨ સુધીમાં કમિટી મેમ્બરને આગોતરી જાણ કરવા વિનંતી. જેથી કરીને અમોને રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવાની સુગમતા રહે.
- પોતાના સ્ટેશનથી ગાંધીધામ/ભુજ તથા પરત જવાની ટિકિટ બતાવવાની રહેશે.
- સંપૂર્ણ કાર્યક્મની વિગત પાછળથી જણાવવામાં આવશે.
- સમૂહ પહેડીમાં સર્વે ભાવિકોને બહોળી સંખ્યામાં હાજર રહેવા વિનંતી.
- છેડા ગોત્રની નિયાણી બહેનોને પણ પહેડીમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે

દામજી ચાંપશી છેડા - મુલુંડ : ૯૩૨૩૮ ૬૫૦૩૨

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉમેશ સુરેશ છેડા | - મુલુંડ | : ૯૮૩૩૫ ૯૭૪૬૫ | ભરત છેડા | - કાંજુરમાર્ગ | : ૯૩૨૦૨ ૧૮૪૦૫ |
| કુમાર છેડા | - મુલુંડ | : ૯૮૧૯૯ ૧૯૭૮૩ | કમલેશ છેડા | - મુલુંડ | : ૯૮૨૦૬ ૩૮૪૫૭ |
| પિનાકિન જેઠાભાઈ છેડા | - મુલુંડ | : ૯૮૧૯૭ ૦૮૦૮૬ | હિરાચંદ ધનજી છેડા | - ડોંબીવલી | : ૯૮૨૦૯ ૬૧૬૯૦ |
| નરેશ પ્રેમચંદ છેડા | - માટુંગા | : ૯૯૬૭૬ ૫૪૬૫૯ | જયેશ નવીનચંદ્ર છેડા | - મુલુંડ | : ૯૮૬૭૩ ૬૮૯૭૦ |

**માતાજી ને લગતા કાર્યકમો ની ને જાણ કરવાના ઉદ્દેશ થી એક ગ્રુપ બનાવવાની યોજના છે. તો સર્વે ભાવિકો ને પોતાના નામ તથા મોબાઈલ નંબર કમીટી મેમ્બર્સ ને જાણ કરવા વિનંતી**

# શાશ્વતા શ્રી શત્રુંજય મહાતીર્થે શ્રી સિધ્ધાચલ ગુણકલા ચાતુર્માસ સંઘ ૨૦૭૯ બાડમેર આયોજિત ચાતુર્માસ પ્રવેશોત્સવે નિમંત્રણ

શાશ્વતા શ્રી શત્રુંજય મહાતીર્થે શ્રી સિધ્ધાચલ ગુણ કલા ચાતુર્માસ સંઘ ૨૦૭૯ બાડમેર આયોજિત રાજસ્થાન દક્ષિણ દીપક, સાહિત્ય સમ્રાટ ગુરૂ ગુણ પટ્ટધર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાના અષાઢ સુદ ૧૧ શનિવાર તા.૯ જુલાઈ સવારે ૯ કલાકે ચાતુર્માસ પ્રવેશોત્સવે પધારવા સકલ સંઘને નિમંત્રણ શ્રી સિધ્ધાચલ ગુણ કલા ચાતુર્માસ સંઘ અને શ્રી આર્યરક્ષિત જૈન ધર્મ રક્ષક સંઘ મુંબઈ દ્વારા અપાયું છે.



સંઘ શિરછત્ર સંઘ શાસન કૌશલ્યાધાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ભદ્રંકરસાગરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી આર્યરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિ શ્રી હેમચંદ્રસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી મોક્ષેશચંદ્રસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી વીરશેખરસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી તત્વરક્ષિતસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી કૌશલ્યપ્રભસાગરજી મ.સા.ના આગમને આંગણ માંગલ્ય. આપના દર્શન નયન સાફલ્ય, આપના વચને કર્ણ પાવિત્ર્ય.

ગુરૂ પ્રભુ કી પરછાઈ હૈ, શિષ્ય ગુરૂ કી પરછાઈ હૈ.

ચાતુર્માસ પ્રારંભ અષાઢ સુદ પુનમ બુધવાર તા.૧૩ જુલાઈ, દ્વિમાસિક ચાતુર્માસ પૂર્ણાહૂતિ શુક્રવાર તા.૨ સપ્ટેમ્બર ભાદરવા સુદ ૭ સંવત્સરિક મહાપર્વ ભાદરવા સુદ ૫ બુધવાર તા.૩૧ ઓગસ્ટ. ચાતુર્માસ સ્થળ પન્ના રૂપા ધર્મશાળા, તળેટી રોડ, પાલિતાણા. સંપર્ક : રણછોડ-૮૩૬૯૩૮૬૦૯૦

# સારા પુસ્તક... સાચા મિત્ર : તેને ઘરમાં વસાવવા જરૂરી

સારા પુસ્તક સાચા મિત્રોની ગરજ સારે છે અને દિવસ રાત ચોવીસ કલાક તે સંગાથ સહવાસ આપે છે. માર્ગદર્શન કરે છે. તમને ગમે, રૂચે સાચી સમજણની દિશા ખોલી આપે. અનેક ગેર સમજણો દૂર કરે. જાણતા અજાણતા થઈ રહેલા અનેક પાપોથી બચાવે એવા પુસ્તકો ઘરમાં વસાવી માત્ર રોજના બે ચાર પાના વાંચો. ખૂબ આનંદ આવશે.

લેખક પ.પૂ.ઉપાધ્યાય ભગવંત શ્રી પૂર્ણભદ્રસાગરજી મહારાજા, પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન : શિવમસ્તુ જૈન તીર્થ, સંપર્ક : ૯૮૭૯૩૪૮૨૩૫.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ધનલક્ષ્મી મૈશેરી**
તા.૧૬ મે (ઉ.૭૪)
જખૌ-જાલના



**નીલીમા ધરમશી**
તા.૧૬ મે (ઉ.૪૩)
જખૌ-હૈદ્રાબાદ



**ગુલાબ પટેલ**
તા.૧૬ મે (ઉ.૪૩)
તેરા-દુબઈ



**જેઠાલાલ લોડાયા**
તા.૧૬ મે (ઉ.૮૭)
તેરા-ભાંડુપ



**લીલબાઈ મોતા**
તા.૧૮ મે (ઉ.૯૬)
રાપરગઢવારી-હુબલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં કલીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ કલીક કરીને આ ફોર્મ ભરે**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

80G સર્ટિફીકેટ

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● માંડવીના ઉષાબેન પ્રતાપગિરી ગોસ્વામી રોજ સવારે ખાંડ, ચા, પાણી ટિફિન સાથે બાંધણો, પશુઓ માટેની દવા લઈ ૨૦ નાનીમોટી ગાયોને પોર્ટ રોડ પરથી પોતાના ઘરેથી હીય, હીય કરતા હાથમાં લાકડી અને જીભવાટે ડચકારા બોલાવતા નિત્ય સીમાડામાં ઊતરી પડે છે અને સાંજે ગાયો સાથે પરત ફરે છે. ગાયોની દોહાઈ, ચારો, ખાણ ધણ પાણી આપી ગાયોની સંભાળ અને સેવા જાતે કરે છે. સીમાડામાં ચરતા પશુને કંઈ વાગે કે પશુ માંદુ પડે તો તેની સારવાર પણ કરે છે. ૪ ચોપડી ભણેલા ઉષાબેનને ચાર સંતાનો બધા ઉચ્ચ શિક્ષિત થયાં છે.

● અબડાસામાં ૧૨૦૦ જેટલા સખી મંડળો સાથે ૧૨૦૦૦ જેટલી મહિલાઓ જોડાયેલી છે. જેઓ દૈનિક નાની મોટી પ્રવૃત્તિ દ્વારા ૫૦ થી રૂા.૨૫૦ જેટલી રોજગારી મેળવી લે છે. ૨૦૦ સખી મંડળોને બેંકે દ્વારા ૨ કરોડની લોન અપાઈ છે. જેઓ ખેતી, પશુપાલન, બાંધણી, સિલાઈકામ વિગેરે દ્વારા રોજગાર લક્ષી પ્રવૃત્તિ કરી રહી છે. મહિલાઓ પાપડ, અથાણા, મુખવાસ, વેફર, અગરબત્તી, ડિટરજન્ટ સહિતની રોજગારી લક્ષી તાલીમ મળે એ માટે તત્પર છે. ગૃહઉદ્યોગ ચીજવસ્તુઓને સરકારી રાહે મહિલાઓને પ્રશિક્ષણ અપાય તો એક મહિલાઓ પગભર થઈ શકે એવી તેમની માંગ છે.

● કેન્દ્રીય મહિલા અને બાલ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની વર્ચ્યુઅલી ઓરિસ્સા, આંધ્રપ્રદેશ આસામની એક એક દિલ્હીની બે તેમજ ગુજરાત કચ્છની બે દીકરીઓ સાથે સંવાદ કર્યો હતો. કુનરિયા બાલિકા પંચાયત સભ્ય ૧૩ વર્ષીય આનંદી અરૂણભાઈ છાંગા અને રાપર તાલુકાના થોરિયારી ગામની આંગણવાડી કાર્યકર મીનાક્ષીબેન વાઘેલા સાથે સંવાદ કર્યો હતો. કુનરિયાની દીકરી આનંદીનો સમગ્ર દેશમાં બાલિકા પંચાયત પ્રારંભ કરવાના પ્રસ્તાવને કેન્દ્રીય મંત્રીએ તાત્કાલિક સ્વીકાર કર્યો હતો. જો દીકરીઓને યોગ્ય તક અપાય તો બાલ્યાવસ્થાથી જ નેતા પર માટે મંત્રીપદ સુધી રાહ જોવી નથી પડતી. દીકરીઓ સમાજને ઘરેલું હિંસાથી રોકીને બાળકોને સંરક્ષિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે એવું કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું.

● ગુજરાત વિધાનસભામાં રાજ્યપાલના પ્રવચન બાદ પ્રતિભાવ આપવા અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજાને કહેવામાં આવ્યુ. પરંતુ તેઓને વાંચતા નથી આવડતું એમ કહી આગવી શૈલીમાં બોલીને ચિત્રોને આધારે ગૃહમાં પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો હતો. ભલેને વાંચતા લખતા ન આવડતું હોય પરંતુ નાગરિકોના પ્રશ્નો જો વિધાનસભામાં રજૂ કરવા હોય તો કોઠાસૂઝથી રજૂ કરી શકાય છે. એવું કચ્છના અભણ ધારાસભ્યએ સાબિત કરી દીધું હતું. કોરોનામાં અનાથ થયેલા બાળકોને સહાય, કોરોનામાં મૃતક સહાય, આયુષ્યમાન કાર્ડ, ખિલખિલાટ એમ્બ્યુલેન્સ ૧૦૮, ધન્વંતરિ રથ, પોલીસની કામગીરી વગેરે બાબતોનો ઉલ્લેખ આ બધું જ ચિત્રો આધારિત અનોખી સ્ટાઈલથી કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતાં.

● દર વર્ષની પરંપરા મુજબ ખાવડાના મુરલી મનોહર મંદિરમાં હોળી ઉત્સવ નિમિત્તે દરરોજ રાત્રે ફાગણિયા ગાવાનફો ઓચ્છવ અત્રેનો લોહાણા સમાજ કરે છે. પ્રસાદ વહેંચ્યા બાદ આરતી પછી સૌ છૂટા પડે યુવાન સંદીપ ચંદે ગાય અને બધા ઝીલાવે છે. ઊડશેરે રૂડા અબીલ ગુલાલ કરાશે હેતે ગાલરિયું જેવા ફાગણિયા કોરસમાં ગાય છે. તબલા પર યુવાન દીપક તન્ના સાથ આપે છે. ખાવડા લોહાણા મહાજનના યુવા સભ્યો રામલાલ કક્કડ, વિપુલ તન્ના અને મોહનભાઈ તન્ના યુવક મંડળના રોનક સોતા, અતુલ રાજદે, શિવમ કક્કડ વિગેરે વ્યવસ્થામાં સહયોગ આપે છે.



Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)